નીતિન ગડકરીના મામલે ભાજપમાં વિભાજનની સ્થિતિ

નવી દિલ્હી,તા.૨૩

પ્રમુખ નીતિન ગડકરીના મામલે ભાજપમાં વિભાજનની સ્થિતિ દેખાઈ રહી છે. એક બાજુ ભાજપના સાંસદ રામ જેઠમલાણીએ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા બાદ તેમના રાજીનામાની વાત કરી છે. જ્યારે બીજીબાજુ ભાજપના કેટલાક વરિષ્ઠ સભ્યો તેમની સાથે દેખાઈ રહ્યા છે. ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા નીતિન ગડકરીને કેટલાક સભ્યોએ ટેકો પણ આપ્યો છે. પક્ષના પ્રવકતા નિર્મલા સીતારામને આજે કહ્યુ હતુ કે તેમની પાર્ટી કોઈ પણ તપાસનો સામનો કરવા અંગે તેમની તૈયારીને ટેકો આપે છે. કોંગ્રેસની ઝાટકણી કાઢતા તેમણે કહ્યુ હતુ કે રોબર્ટ વાઢેરા સામે અથવા તો પક્ષ સામે ભ્રષ્ટાચારના આક્ષેપોમાં કોઈ તપાસ કરવામાં આવી રહી નથી. ભાજપ પ્રમુખ પોતે કહી ચુક્યા છે કે આક્ષેપો પાયા વગરના છે. તેમની સ્થિતિ સ્પષ્ટ કરવા તેઓ પોતે મિડિયા સમક્ષ હાજર થઈ ચુક્યા છે. ગડકરી પોતે કહી ચુક્યા છે કે તેઓ સંબંધિત સત્તા દ્વારા કોઈ પણ તપાસનો સામનો કરવા તૈયાર છે. તેમના મતને પક્ષ ટેકો આપે છે. ભ્રષ્ટાચારના મામલે કોંગ્રેસ અને ભાજપમાં સામસામે આક્ષેપ-પ્રતિઆક્ષેપ થઈ રહ્યા છે. ભાજપ પ્રમુખ નીતિન ગડકરીની તકલીફ પણ દિનપ્રતિદિન વધી રહી છે. તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા બાદ ભાજપના સાંસદ અને વરિષ્ઠ વકિલ રામ જેઠમલાણીએ હોદ્દા પરથી રાજીનામું આપી દેવાની જોરદાર માંગણી કરી છે. સાથે સાથે પક્ષપ્રમુખ માટે બીજીવખત હોદ્દા પર ન રહેવાની પણ રજુઆત કરી છે. જેઠમલાણીનું કહેવું છેકે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા બાદ પક્ષના હિતમાં બીજી વખત આ હોદ્દા પર ગડકરીને રહેવું જોઈએ નહીં. જેઠમલાણીના આ પ્રકારના નિવેદનથી ગડકરી પર દબાણ વધી ગયુ છે. પાર્ટીના હિતમાં, પોતાના હિતમાં તેમને મેદાન પરથી

ખસી જવું જોઈએ અને કોઈ એવી વ્યક્તિને તક આપવી જોઈએ જે વધારે વિશ્વાસ સર્જી શકે. ગડકરીએ હવે બીજી વખત પક્ષ પ્રમુખ બનવાની ઈચ્છા વ્યક્ત કરવી જોઈએ નહીં. ગયા સપ્તાહમાં જ આગામી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવાની રજુઆત કરનાર જેઠમલાણીએ કહ્યુ હતુ કે ગડકરી જો પક્ષ પ્રમુખ તરીકે રહેશે તો પક્ષની સ્થિતિ નબળી પડશે. તેમણે ઉમેર્યુ હતુ કે તેમની ઈમાનદારી સામે પ્રશ્નો થઈ રહ્યા છે. પાર્ટીના હિતમાં પોતાના હિતમાં તેમને રાજીનામું આપી દેવું જોઈએ. ગડકરીએ રાજીનામું આપી દેવું જોઈએ કે કેમ તે અંગે પુછવામાં આવતા જેઠમલાણીએ એક ખાનગી સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે હોદ્દા પર ચાલુ રહેવાથી ભાજપની સ્થિતિ નબળી પડશે. આવનાર ચૂંટણીમાં અમે ભ્રષ્ટાચારની સામે લડત ચલાવવા જઈ રહ્યા છીએ. અમારી પાસે એવી વ્યક્તિ હોવી જોઈએ જેની પ્રતિષ્ઠા બિલકુલ સ્પષ્ટ રહે. કોઈ વેપારી રાજકારણમાં આવે તેની સામે કોઈ વાંધો નથી. પરંતુ રાજકારણને કારોબાર બનાવવામાં આવે તે યોગ્ય નથી. રામ જેઠમલાણીના નિવેદનથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે.

સમાચાર ઝલક

- ગુજરાત સાથે સંબંધો સુધારવા યુ.કે. તત્પર.
- અમેરિકામાં ફરી ગોળીબાર ૩નાં કરૂણ મોત.
- ભારતમાં નવા ફોન નંબર આંકડાઓની સમસ્યા સર્જશે.
- દિવાળીમાં ગુજરાતને ૨૧ હોલીડે સ્પેશિયલ ટ્રેન મળશે.
- આજે બિલ્ડરો ખાતમૂર્હૂતથી વંચિત, આચારસંહિતા અનેકને નડી.
- સેના 'ઘાયલ' મોટા પાયે નોકરી છોડતાં જવાનો.
- એક દિવસની રજા મુકો પાંચ દિવસનું વેકેશન મળશે.
- પોસ્ટ ઓફિસોને બેંકમાં રૂપાંતરિત કરવાની યોજના.
- લોકસભાનું શિયાળું સત્ર ધમાલિયું બનાવાનાં એંધાણ.
- રાજકોટમાં લગ્નના ત્રીજા જ દિવસે પત્ની પતિને રેટો મુકી ભાગી ગઇ.
- બંગાળની ખાડીમાં બે દિવસ પછી લો-પ્રેસર વાવાઝોડાંમાં પરિવર્તીત થવાની શક્યતા.
- ખાંડ મોંઘી થશે, તહેવારોમાં મોંઘવારીનો 'કડવો' ડામ.
- ફિલ્મ નિર્માતા રવિ ચોપડા હોસ્પિટલમાં.
- નાણાંકીય લેતીદેતીના કડક નિયમ, દિવાળી સુધી મુલત્વી રાખવાની માંગ.

કેજરીવાલનો બચાવ કરવાનો અણ્ણા હજારેનો સ્પષ્ટ ઇન્કાર

નવી દિલ્હી,તા.૨૩

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે કહ્યુ હતુ કે ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન(આઈએસી)ના કાર્યકર અરવિંદ કેજરીવાલને બચાવવાનો કોઈ પ્રશ્ન જ નથી. તેમણે કહ્યુ હતુ કે જો કેજરીવાલ કોઈ ભ્રષ્ટ નેતાની સામે ચૂંટણી લડે છે તો તેમનું સમર્થન કરવામાં આવશે. કેજરીવાલ પર કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે પણ ગંભીર પ્રકારના આક્ષેપ કર્યા છે. અણ્ણાએ પોતાના ગામ રાલેગણ સિદ્ધિમાં એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તેઓ દિગ્વિજયસિંહ દ્વારા મુકવામાં આવેલા આક્ષેપો અંગે કેજરીવાલનો બચાવ કરશે નહીં પરંતુ જો કેજરીવાલ કોઈ ભ્રષ્ટાચારી નેતાની સામે ચૂંટણી લડે છે તો તેમનું સમર્થન કરવામાં આવશે. કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે શનિવારે કેજરીવાલની સામે ૨૭ પ્રશ્નો મુક્યા હતા. આ પ્રશ્ન કેજરીવાલ સાથે સંબંધિત બિન સરકારી સંગઠનને મળી રહેલી વિદેશી આર્થિક સહાયતા અને ભારતીય મહેસૂલી સેવા(આઈઆરએસ) અધિકારી તરીકે સેવા નિયમોના ભંગ કરવા સાથે સંબંધિત છે. કેજરીવાલથી અલગ થાય બાદ આ અંગે વાત કરતા અણ્ણાએ કહ્યુ હતુ કે કેજરીવાલે તેમના પાંચ પ્રશ્નોના જવાબ આપ્યા નથી. જેમાં નવા રાજકીય સંગઠન માટે જરૂરી નાણાંની વ્યવસ્થા અને ઉમેદવારોની પસંદગી સંબંધિત પ્રશ્નો સામેલ છે. અણ્ણાને કહ્યુ હતુ કે કેજરીવાલને કહેવામાં આવ્યુ છે કે તેઓ પોતાના રાજકીય સંગઠનમાં તેમના નામનો ઉપયોગ ન કરે. કેજરીવાલને શુભેચ્છા આપતા અણ્ણાએ કહ્યુ હતુ કે તેમની પાસે કેજરીવાલ માટે કોઈ સલાહ નથી. અણ્ણાએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા લોકપાલ માટે પોતાના અભિયાનને ફરી શરૂ કરવાની તેઓ તૈયારીમાં છે.

કોલસા કાંડમાં ન્યાયિક તપાસની ઉગ્ર રજુઆત

નવી દિલ્હી,તા.૨૩

વરિષ્ઠ સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ કહ્યુ છે કે કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં જડ સુધી પહોંચવા માટે ન્યાયિક ચકાસણી થવી જોઈએ.

તેમણે કહ્યુ હતુ કે આ કૌભાંડમાં કેન્દ્રિય તપાસ સંસ્થા સીબીઆઈ કાંઈ પણ કરી શકે નહીં. કૌભાંડ અંગે સંપૂર્ણ માહિતી મેળવવા માટે ન્યાય તંત્રને મામલામાં તપાસ કરવી જોઈએ. તેમણે ઉમેર્યુ હતુ કે જો આ મામલાની ચકાસણી માટે એક ન્યાયિક સમિતિ બનાવવામાં આવશે તો ચોક્કસપણે ટુજી મામલામાં જેટલા લોકો જેલમાં ગયા હતા તેના કરતા પણ વધુ લોકો આના કારણે જેલમાં જશે. રાજકીય નેતાઓ પર આકરા પ્રહાર કર્યા હતા. અણ્ણાએ કહ્યુ હતુ કે કોલસા કૌભાંડમાં નવિન જિંદાલ, વિજય દરદા જેવા કોંગ્રેસી નેતાઓના નામ આવી રહ્યા છે.

કલ્યાણસિંહ ભાજપમાં ફરી એન્ટ્રી કરવા માટે પૂર્ણ તૈયાર

લખનૌ,તા.૨૩

ઉત્તરપ્રદેશમાં કોઈ સમય ખૂબજ શક્તિશાળી નેતા તરીકે ઉભરેલા અને ભાજપના મુખ્ય વ્યુહરચનાકાર ગણાતા કલ્યાણસિંહ થોડાક સમય સુધી ભાજપથી દૂર રહ્યા બાદ હવે ફરીથી ભાજપમાં વાપસી કરવાની તૈયારીમાં છે. દિવાળીની નજીક કલ્યાણસિંહ ભાજપમાં ફરી એન્ટ્રી કરશે. કલ્યાણસિંહ ભાજપમાં પોતાની નવી ઈનિંગ્સને લઈને સંપૂર્ણપણે આત્મવિશ્વાસ મેળવી લેવા માંગે છે જેથી ભૂતકાળની ઘટનાઓનું પુર્નરાવર્તન ન થઈ શકે. કલ્યાણસિંહની ભાજપમાં વાપસી દિવાળીની આસપાસ થઈ શકે છે. ભાજપના નેતાઓ ગુજરાત અને હિમાચલપ્રદેશની ચૂંટણીમાં વ્યસ્ત બનેલા છે. કલ્યાણસિંહની ભાજપમાં એન્ટ્રીને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. લખનૌના ભાજપના સાંસદ લાલજી ટંડન થોડાક દિવસ પહેલા તેમને ઘરે પહોંચીને મળ્યા હતા. લાલજી ટંડન ઉપરાંત ભાજપના અન્ય

વરિષ્ઠ નેતાઓ પણ કલ્યાણસિંહ સાથે વાતચીત કરી ચુક્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતાઓ માની રહ્યા છે કે વાપસીમાં વિલંબ થઈ રહ્યો છે પરંતુ કલ્યાણસિંહ ચોક્કસપણે ભાજપમાં એન્ટ્રી કરવા મક્કમ બની ચુક્યા છે. કલ્યાણસિંહ કેટલાક પાસાઓને લઈને ગુંચવણ ભરી સ્થિતિમાં છે. પાટનગર લખનૌથી અલીગઢ પહોંચેલા કલ્યાણસિંહે કહ્યુ હતુ કે ભાજપમાં વાપસી નક્કી થઈ ચુકી છે. પાર્ટીના પ્રદેશ સ્તરના નેતા સતત સંપર્કમાં છે. હિમાચલ અને ગુજરાતમાં ચૂંટણી હોવાના કારણે બાબતો નક્કી થઈ રહી નથી. આ પ્રશ્ને નીતિન ગડકરી સાથે વાતચીત થયા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કલ્યાણસિંહે જુદીજુદી રીતે ચૂંટણી લડી હતી. આ એક ચૂંટણી હતી જ્યારથી ઉત્તરપ્રદેશમાં ભાજપનો ગ્રાફ નીચેજવા લાગ્યો હતો. ભાજપની સીટ ૧૭૭થી ઘટીને ૮૮ થઈ ગઈ હતી. ૭૨ સીટો પર કલ્યાણસિંહની પાર્ટીએ ચૂંટણી લડી હતી. આ તમામ સીટો પર ભાજપને સૌથી મોટુ નુકશાન થયુ હતુ.

નવા ઈક્વિટી એક્સચેન્જ માટે ૭૦૦ સભ્યો તૈયાર

મુંબઈ,તા.૨૩

એમસીએક્સ સ્ટોક એક્સચેન્જે જાહેરાત કરી છે કે નવા ઈક્વિટી એક્સચેન્જ માટે તેના દ્વારા ૭૦૦ સભ્યોના હસ્તાક્ષર લઈ લેવામાં આવ્યા છે. નવા ઈક્વિટી એક્સચેન્જની આ વર્ષે નવેમ્બર અથવા ડિસેમ્બરમાં શરૂઆત થાય તેવી શક્યતા છે.

એમસીએક-એસએક્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ જોસેફ મેસ્સીએ કહ્યું છે કે અમને છેલ્લા છ સપ્તાહ દરમિયાન મેમ્બરશીપ ઝુંબેશ વેળા ૭૦૦ અરજીઓ મળી ચૂકી છે. ઈક્વિટી અને હોલસેલ ડેબ્ટ માર્કેટ માટે કોઈપણ એક્સચેન્જને આટલી મોટી સંખ્યામાં સભ્યોની અરજી મળી નથી. વોલ્યુમની દૃષ્ટિએ સૌથી મોટા એક્સચેન્જ ધરાવતા એનએસઈ દ્વારા તેની શરૂઆત ૧૯૯૪માં ૨૦૦ સભ્ય સાથે કરી હતી જ્યારે બીએસઈ દ્વારા ૧૮૭૫માં ૩૧૮ સભ્યો સાથે આની શરૂઆત કરવામાં આવી હતી.

હિમાચલમાં ચૂંટણી માહોલ વધુ ગરમ બન્યો

વિરભદ્રસિંહના ટેક્સ રિટર્નમાં સીટ દ્વારા તપાસની ઉગ્ર માંગ

સિમલા,તા.૨૩

હિમાચલપ્રદેશમાં ભ્રષ્ટાચારના મામલાને જોરશોરથી ચગાવવા ભાજપે કમરકસી લીધી છે. આના ભાગરૂપે ભાજપે આજે હિમાચલપ્રદેશમાં કોંગ્રેસ પક્ષના મુખ્યમંત્રી પદના ઉમેદવાર વિરભદ્રસિંહના ટેક્સ રિટર્નમાં તપાસ કરવાની જોરદાર માંગ કરી છે. સીટ મારફતે તપાસ કરાવવાની માંગણી કરવામાં આવી છે.

આજે બપોરે સિમલામાં પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના વરિષ્ઠનેતા અરૂણ જેટલીએ એવા આક્ષેપોમાં તપાસ કરવાની માંગ કરી હતી કે વિરભદ્રસિંહ ટેક્સ રિટર્નમાં બેદરકારી દાખવી રહ્યા છે. સિંહને કટકી મળી હતી. તેમના બિઝનેસ પાર્ટનર આનંદ ચૌવ્હાણની તરફેણમાં જંગી રોકડ રકમ જમા કરવામાં આવી હતી તેવા આક્ષેપોના મામલામાં સીટ મારફતે તપાસની માંગ કરવામાં આવી છે. હિમાચલપ્રદેશના શક્તિશાળી નેતા વિરભદ્રસિંહ હવે મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે ત્યારે સિંહની મુશ્કેલી વધી ગઈ છે. ઈસ્પાત ઈન્ડસ્ટ્રી પાસેથી ૨.૩ કરોડ રૂપિયાની કટકી લેવાનો સિંહ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યારે ૨૦૦૯ અને ૨૦૧૦ વચ્ચેના ગાળામાં તેઓ કેન્દ્રિય સ્ટીલ પ્રધાન હતા ત્યારે આ કટકી મેળવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેટલીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે છેલ્લા થોડાક વર્ષોમાં યુપીએ-૨ના શાસન હેઠળ અભૂતપૂર્વ ભ્રષ્ટાચારના કેસો થયા છે. સામાન્ય લોકો ભારે ચિંતિત બનેલા છે. એલપીજી, ડિઝલની કિંમતમાં વધારો કરાયો છે. રિટેલમાં એફડીઆઈની દરખાસ્તથી પણ લોકો પરેશાન છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ચૂંટણીગ્રસ્ત રાજ્યોમાં તેમની હાલની યાત્રાનો ઉલ્લેખ કરતા ભાજપના વરિષ્ઠનેતાએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારના મુદ્દાની વાત થઈ રહી છે પરંતુ કેન્દ્ર સરકારમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર છે. વિરભદ્રસિંહનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે આ માત્ર મહેસૂલી મામલો નથી પણ ભ્રષ્ટાચારનો પણ મામલો છે. વિરભદ્રસિંહ સામેના આક્ષેપ કોઈ પણ રાજકીય પક્ષ માટે શરમજનક છે.

દશેરા પ્રસંગે રાષ્ટ્રપતિની દેશવાસીઓને શુભેચ્છા

નવી દિલ્હી,તા.૨૩

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન મનમોહનસિંહે દેશના લોકોને દશેરાની શુભેચ્છા આપી છે. રાષ્ટ્રપતિએ પોતાના શુભેચ્છા સંદેશમાં જણાવ્યુ છે કે તેઓ દશેરાના પ્રસંગે દેશના લોકોને શુભેચ્છા આપે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ પ્રસંગ પર દેશવાસી આપણા મહાનગ્રંથ રામાયણને ફરી યાદ કરે છે જેમાં અસત્ય પર સત્યની જીતની વાત કરવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે આ પર્વ મર્યાદાપુરષોત્તમ ભગવાન રામની ધર્મનિષ્ઠા તેમના ભાઈઓ ભરત અને શત્રુઘ્નની નિષ્ઠા, સીતાની નૈતિકતા અને હનુમાનની વિરતા અને નમ્રતાના કારણે મનાવીએ છીએ અને તમામના માર્ગ ઉપર આગળ વધવા પ્રેરિત થઈએ છીએ.

દિલ્હીમાં ડેન્ગ્યુનો આતંક ફેલાયોઃ ૬૦૦ કેસ થયા

નવી દિલ્હી,તા.૨૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ડેન્ગ્યુના કેસમાં ઉલ્લેખનીય વધારો થયો છે. હજુ સુધી ૬૦૦થી વધુ કેસો સપાટી ઉપર આવી ચૂક્યા છે. ડેન્ગ્યુના કારણે ભારે આતંક મચી ગયો છે. તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવી રહ્યા હોવા છતાં ડેન્ગ્યુના કેસમાં વધારો થયો છે. લોકોમાં વ્યાપક દહેશત દેખાઈ રહી છે. મહાન ફિલ્મ નિર્માતા યશ ચોપડાનું પણ ડેન્ગ્યુના કારણે જ મોત થતાં લોકોમાં વધુ ચિંતા જોવા મળી રહી છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સના ડેપ્યુટી ડિરેક્ટરનું કહેવું છે કે દિલ્હીમાં ડેન્ગ્યુના કેસને રોકવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતી જાળવવામાં આવી રહી છે. એમ્સના ડેપ્યુટી ડિરેક્ટર વિનિત ચૌધરીનું કહેવું છે કે તેઓ પોતે પણ આ સારવાર હેઠળ છે. મોટી સંખ્યામાં ડેન્ગ્યુના નવા કેસ દરરોજ સપાટી ઉપર આવી રહ્યા છે. રાજય સરકાર અને સ્થાનિક સંસ્થાઓ એક બીજા ઉપર દોષારોપણ કરી રહી છે. લેવામાં આવેલા પગલાં અંગે પૂછવામાં આવતા દિલ્હીના મુખ્યમંત્રી શિલા દીક્ષિતે કહ્યું હતું કે આ કામ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હીનું છે. એમસીડીને જ પ્રશ્નો કરવા જોઈએ. ઘણી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં તબીબોનું કહેવું છે કે ડેન્ગ્યુ ઈન્ફેક્શનથી પીડાતા લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

'હિંચકો' (પાના નં. ૪ નું ચાલુ)

તે રાત્રે તારી માની તબિયત બગડી હતી. ત્યારે આખી રાત હું અને તારા પપ્પા પપ્પા આ હિંચકે બેસી રહ્યા હતા અને તારા દાદીએ સમાચાર આપ્યા કે તારો જન્મ થયો છે ત્યારે તો તારા પપ્પા હિંચકેથી કૂદ્યા હતા અને પડતાં પડતાં બચ્યાં હતા.

તને પણ તારાં દાદી અને મેં આજ હિંચકે બેસાડી વાતો કરતાં કરતાં ખવડાવ્યું છે, રમાડ્યો છે અને સુવડાવ્યો પણ છે અને...! એક દર્દ ભર્યો નિશ્વાસ નાંખતાં સહેજ ભીની આંખો મારી તરફ દર્દભરી નજર નાંખતાં બોલ્યા.

બેટા, આ એ જ હિંચકો છે જે તારાં દાદીની અંતિમ વિદાયનો મૂક સાક્ષી છે. તારાં દાદી અંતિમ સમયમાં હતાં ત્યારે તેમનાં દર્દ અને પીડાને મેં આ હિંચકે બેઠાં બેઠાં જોયાં છે. તેનો સાથ છૂટી રહ્યો હતો. ત્યારે હું એકલો હિંચકે બેઠો હતો અને આ હિંચકો પણ મારી સાથે અશ્રુ સારી રહ્યો હતો. તારા દાદીને આ હિંચકે સુવડાવી હું તેની જોડે બેઠો બેઠો ગમગીન હતો ત્યારે તારા દાદીનો અંતિમ શ્વાસ ચાલતો હતો. તેમણે અર્ધીથી જ દેહ છોડ્યો હતો અને તેના મૃતદેહને પણ આ હિંચકાએ કાંધો આપ્યો હતો.

આજે કેટકેટલી યાદો જોડાયેલી છે, મારી આ હિંચકા સાથે? મારી ચુવાનીથી લઇને મારા આ છેલ્લા સમય સુધી જે હિંચકો મને સાથ આપી રહ્યો છે તેને હું કેવી રીતે છોડી શકું? તેની સાથે મારા મનમાં તાર ગૂંથાઇ ગયા છે. તેના વગરનું મારૂં જીવન હું કલ્પી શકતો નથી.

આજે ભલે મને તેના બદલે વિશ્વની મોંઘામાં મોંઘી વસ્તુ મળે પણ મારે આ હિંચકાનું મૂલ્ય અમૂલ્ય છે. તે મારા અસ્તિત્વનો એક ભાગ છે.

દાદાની વાતો સાંભળી મારૂં મન પણ ભરાઇ આવ્યું અને તેમની લાગણીઓને સમજી વંદી રહ્યો. મારા પિતાજીને અને મમ્મીને આ વાતો જયારે મેં સમજાવી ત્યારે પણ દાદાની લાગણીઓને સમજી શક્યા અને દાદીની આ યાદગીરી એવા હિંચકાને કદી પણ ઘરની બહાર ન કાઢવાનું નક્કી કરી લીધું છે. દાદા નહીં હોય ત્યારે પણ આ હિંચકો તેમની યાદ અપાવશે.

શેરબજારમાં મંદી : ફરીથી ૮૩ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ,તા.૨૩

શેરબજારમાં આજે કારોબારના અંતે મંદી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૮૩ પોઈન્ટ ઘટીને ૧૮૭૧૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૬ પોઈન્ટ ઘટીને ૫૬૯૧ની સપાટીએ રહ્યો હતો. બજારમાં આજે દિવસ દરમિયાન ટાઈટ રેન્જ જોવા મળી હતી. નિફ્ટી ૪૦ની રેન્જમાં રહ્યો હતો જ્યારે સેન્સેક્સ ૧૨૦ પોઈન્ટની રેન્જમાં રહ્યો હતો. દરમિયાન મોટાભાગના એશિયન બજારોમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. હેંગસેંગમાં ૧૪૬ પોઈન્ટનો ઉછાળો નોંધાતા સપાટી ૨૧૬૯૭ રહી હતી. જ્યારે નિક્કી ત્રણ પોઈન્ટ સુધરીને ૯૦૧૪ની સપાટીએ રહ્યો હતો. સ્ટ્રેટ ટાઈમ્સ ૧૬ પોઈન્ટ સુધરીને ૩૦૫૦ની સપાટીએ રહ્યો હતો. સંઘાઈ કંમ્પોઝીટ અને શિયોલ કમ્પોઝીટમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. જિંદાલ સ્ટીલમાં સૌથી વધારે નુકશાન જોવા મળ્યુ હતુ. તેના શેરમાં ૨.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. હીરો મોટોમાં બે ટકાનો ઘટાડો નોંધાયો હતો. દરમિયાન કંપનીએ બીજા ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરી દીધા હતા.

હેવી વેટ ગણાતા ઈન્ફોસીસ, હિન્ડાલ્કો, ગેઈલ, તાતા પાવર, ગેઈલ ઈન્ડિયા, સ્ટરલાઈટ, ઓએનજીસી, બજાજ ઓટો, તાતા મોટર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, એચડીએફસીબેંક, ટીસીએસ, એસબીઆઈ, ભારતી એરટેલમાં ૦.૩થી ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજીબાજુ લાર્સન એન્ડ ટુબ્રોમાં તેજી જોવા મળી હતી. તેના શેરમાં બે ટકાનો સુધારો નોંધાયો હતો. મોટાભાગના સેક્ટરલ ઈન્ડેક્ષ આજે મંદી સાથે બંધ રહ્યા હતા.

બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલમાં સૌથી વધુ ૧.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આઈટી, પાવર, ઓટો, મેટલ, એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ, રિયાલીટી, બેંકેક્સ ઈન્ડેક્ષમાં ૦.૨થી એક ટકાનો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સ ઈન્ડેક્ષમાં સુધારો રહ્યો હતો. એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગમાં પાંચ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે કારોબાર દરમિયાન બીએસઈ મિડકેપ ઈન્ડેક્ષમાં ૦.૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૨૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. ૧૪૮૭ શેર મંદીમાં રહ્યા હતા. જ્યારે ૧૩૧૧ શેર તેજીમાં રહ્યા હતા.

કિંગફિશર કટોકટી : કોઈ પણ મદદનો સરકારનો સાફ ઈન્કાર

નવી દિલ્હી, તા. ૨૩

આર્થિક સંકટો અને પાયલોટોની હડતાળનો સામનો કરી રહેલી કિંગફિશરને સરકાર કોઈપણ મદદ કરી શકે નહીં તેમ આજે કેન્દ્ર સરકારે કહ્યું હતું.કેન્દ્રીય નાગરીક ઉડ્ડયન મંત્રી અજીતસિંઘે કહ્યું હતું કે, સરકાર આ મુદ્દે કોઈપણ દરમિયાન કરી શકે નહીં. આ ઉપરાંત તેના બાકીના લેણાં ચૂકવવામાં પણ તેની મદદ કરી શકે નહીં. માત્ર પગાર ચૂકવવાથી કિંગફિશરની ઉડાનો ફરી શરૂ થઈ જશે. તે કોઈપણ રીતે શકય ન હોવાનું જણાવતા અજીતસિંઘે કહ્યું હતું કે, કિંગફિશરનો વિવાદ ઘણો મોટો છે. જો તે આજે પગાર ચૂકવી દે અને ઉડાન ભરે તો એ શકય નથી. દરમિયાન કિંગફિશર મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે વાતચીતમાં કોઈ સફળતા મળી રહી નથી. કર્મચારીઓ હવે સાફ શબ્દોમાં કહ્યુ છે કે વિજય માલ્યા સાથે સીધી વાત કરવામાં આવશે. ચાર મહિનાનો પગાર તાત્કાલિક ધોરણે આપવાની રજુઆત પણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ગઈકાલે મુંબઈમાં કિંગફિશર એરલાઈન્સ મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે ચાર કલાક સુધી ચાલેલી મિટિંગ ફલોપ રહી હતી.

તેઓએ આર્થિક યોજના લઈને મંત્રાલય સમક્ષ આવવું પડશે. તેઓ ઉડાનને યથાવત જાળવી રાખશે. આ

ઉપરાંત ઓઈલ કંપનીઓ પાસેથી એટીએફના બાકીના નાણાં ચૂકવી શકે તેમજ ટેક્સ પણ ચૂકવી શકે તે તમામ મુદ્દે આયોજન કરીને તેમણે આગળ વધવું પડશે. આ ઉપરાંત વિમાની સત્તાવાળાઓની ચૂકવણી પણ તેમણે જરૂરી છે. દરમિયાન ત્રણ માસનો પગાર આપવાની કંપનીની ઓફર હડતાળી કર્મચારીઓએ ફગાવી દીધી છે. આ સાથે હડતાળ ૨૩મા દિવસમાં પ્રવેશી ગઈ છે. કિંગફિશરે એક માસનો પગાર ૨૪કલાકમાં અને બીજા માસનો પગાર એક સપ્તાહની અંદર તેમજ ત્રીજો પગાર દિવાળી પહેલા આપવાની ઓફર કરી હતી.જો કે દિલ્હી સ્થિત કર્મચારી યુનિયને આ ઓફર ફગાવી દીધી હતી. જ્યારે અન્ય એક યુનિયને ગુરુવારે નિર્ણય કરવાનો કહ્યુંહતું. દિલ્હીના એન્જીનીયર વિભાગના સુભાષચંદ્ર મિશ્રાએ કહ્યું હતું કે કંપનીના સીઈઓ સંજય અગ્રવાલ અને એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસીડેન્ટ હિતેશ પટેલમાં અમને વિશ્વાસ નથી. તેથી અમે ઓફર ફગાવી દીધી છે. અમે વિજય માલ્યા સાથે મિટીંગ કરવા માંગીએ છીએ પરંતુ તે ક્યાં છે તે અમને ખબર નથી. આવી ઓફરો પણ અમને ભૂતકાળમાં કરાઈ હતી. વિજય માલ્યા હજુ સુધી કેમ આ અંગે મૌન છે તે અમને સમજાતું નથી.

ગીતિકા કાંડા સાથે લગ્ન કરવા માટે ઈચ્છુક હતી

નવી દિલ્હી,તા.૨૩

ગીતિકા શર્મા આત્મહત્યા કેસમાં હરિયાણા પૂર્વ પ્રધાન ગોપાલકાંડાની સાથે પ્રોસીક્યુશનનો સામનો કરી રહેલી અરુણા ચઢાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ગીતિકા લગ્ન કરવા કાન્ડા ઉપર દબાણ લાવી રહી હતી પરંતુ લગ્નની વાતને કાંડા ટાળી રહ્યા હતા. પોલીસ સમક્ષ પોતાના નિવેદનમાં અરુણાએ કહ્યું છે કે ગીતિકાના કાંડા સાથે સંબંધ હતા. તે આ સંબંધોને આગળ વધારવા ઈચ્છુક હતો પરંતુ ગીતિકા લગ્ન કરવા ઉપર દબાણ લાવી રહી હતી. સંબંધોને લઈને ગીતિકા ત્રાસી ગઈ હતી. તે લગ્ન કરી લેવા ઈચ્છુક હતી. ગીતિકાએ આત્મહત્યાની નોંધમાં અરુણા અને ગોપાલ કાંડાના નામ આપ્યા હતા અને તેના મોત માટે આ બંને જવાબદાર હોવાની વાત કરી હતી. અરુણાએ એમ પણ કહ્યું છે કે વારંવાર લગ્નના ઈન્કારથી ગીતિકા ભારે નારાજ હતી. પોતાના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ગીતિકા એમડીએલઆર ગ્રૂપ દ્વારા આપવામાં આવેલી સ્પોન્સરશીપ તરત આપવા માંગતી હતી.